# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 26-10-2024 સવારે : 7.45 થી 7.55

વાર : શનિવાર

## આકાશવાણી સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કૃત્રિત બુદ્ધિમત્તા - AI ટેક્નોલોજીને યુવાનો માટે વિવિધ ક્ષેત્રોમાં વિશાળ તકો આપનારું ગણાવ્યું.
3) ચક્રવાત 'દાના'થી અસરગ્રસ્ત ઓડિશાના દરિયાકાંઠાના જિલ્લાઓમાં રાહત અને પુનઃસ્થાપન કાર્ય યુદ્ધના ધોરણે ચાલુ.
4) વિવિધ રાજ્યોની 47 વિધાનસભા બેઠકો અને કેરળની વાયનાડ સંસદીય બેઠક માટે પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ.
5) ભારતીય રેલવે દ્વારા દિવાળી – છઠ પૂજા સહિતના તહેવારોને ધ્યાનમાં રાખીને વિશેષ ટ્રેનો દોડાવાશે.

..........................................................

## ***PM MANN KI BAAT***

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે .મી કડી છે115 મન કી બાત કાર્યક્રમની આ .

આવતીકાલે સવારે વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ 11 બાદ ગુજરાતીમાંતેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશેઆ કાર્યક્રમ . આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશેઆકાશવાણી સમાચાર ., દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કા-ર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

.............................................................................

## *INDIA-GERMANY JOINT STATEMENT*

ભારત અને જર્મનીએ યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધના ભયંકર અને દુ:ખદ માનવતાવાદી પરિણામો સહિતની ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

ગઈકાલે નવી દિલ્હીમાં 7મી ભારત-જર્મની આંતર-સરકારી પરામર્શ બાદ સંયુક્ત નિવેદનમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે આંતરરાષ્ટ્રીય કાયદાને અનુરૂપ વ્યાપક, ન્યાયી અને સ્થાયી શાંતિની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો હતો.

સંયુક્ત નિવેદનમાં બંને નેતાઓએ આતંકવાદ અને તમામ પ્રકારના હિંસક ઉગ્રવાદની પણ ટીકા કરી હતી. ભારત અને જર્મનીએ સમૃદ્ધિ અને સુરક્ષા તેમજ વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે ઈન્ડો-પેસિફિકના મહત્વ પર ભાર મૂક્યો હતો.

બંને નેતાઓએ યુરોપિયન સંઘ અને ભારત વચ્ચે વ્યાપક મુક્ત વેપાર કરાર, રોકાણ સંરક્ષણ કરાર અને ભૌગોલિક સંકેતો પરના કરારના નિર્ણાયક મહત્વ પર ભાર મૂક્યો હતો.

.............................................................................

## PRESIDENT- VISIT TO RAIPUR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે, કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સમગ્ર વિશ્વ માટે પ્રાથમિક ક્ષેત્ર બની ગયું છે અને આ ઉભરતી ટેક્નોલોજી યુવાનો માટે વિવિધ ક્ષેત્રોમાં વિશાળ તકો ખોલશે .

ગઈકાલે છત્તીસગઢમાં રાષ્ટ્રીય વિજ્ઞાન સંસ્થાન - NIT રાયપુરના પદવીદાન સમારોહને સંબોધતાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, ભારત કૃત્રિમ બુદ્ધિમત્તા પર વૈશ્વિક ભાગીદારીનું સ્થાપક સભ્ય છે.

અગાઉના દિવસે રાષ્ટ્રપતિએ અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા-AIIMS રાયપુરના પદવીદાન સમારોહમાં હાજરી આપી હતીતેમણે . આવનારા સમયમાં આ સંસ્થા લોકકલ્યાણના કાર્યોમાં વધુ વિસ્તરણ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

રાષ્ટ્રપતિએ તબીબોને તમામ લોકોની, ખાસ કરીને આર્થિક રીતે નબળાં લોકો અને વંચિતોની સેવા કરવાની સલાહ આપી હતી . ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ મુર્મુ છત્તીસગઢની બે દિવસની મુલાકાતે ગઈકાલે રાયપુર પહોંચ્યા હતા.

.............................................................................

# ***ODISHA CYCLONE-RELIEF WORK***

ચક્રવાત 'દાના'થી અસરગ્રસ્ત ઓડિશાના કેન્દ્રપારા, ભદ્રક, બાલાસોર અને જગતસિંહપુર જેવા દરિયાકાંઠાના જિલ્લાઓમાં સામાન્ય સ્થિતિ લાવવા રાહત અને પુનઃસ્થાપન કાર્ય યુદ્ધના ધોરણે ચાલુ છે .

NDRF, ODRAF, અગ્નિશમન સેવાઓ, ઉર્જા અને અન્ય વિભાગોના કર્મચારીઓ માર્ગ જોડાણ અને વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા 24 કલાક કામ કરી રહ્યા છે .મુખ્યમંત્રી મોહન ચરણ માઝી ભુવનેશ્વરમાં ચક્રવાત પછીની સ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે અને અસરગ્રસ્ત જિલ્લાઓના કલેક્ટરને 'દાના'થી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા અને તેમના અહેવાલો સુપરત કરવા જણાવ્યું છે .

શ્રી માઝીએ જણાવ્યું હતું કે, રાજ્યએ તેનું 'ઝીરો કેઝ્યુઅલ્ટી મિશન' હાંસલ કર્યું છે, કારણ કે ગંભીર ચક્રવાતી વાવાઝોડાને કારણે માનવ જીવનના નુકસાનના કોઈ અહેવાલ નથી.

.........................................................................

# ***INDIA ITALY-CYBER DIALOGUE***

ભારત અને ઇટલી સાયબર સ્પેસને સુરક્ષિત કરવા સહયોગ વધારવા સંમત થયા છે. ગઈકાલે નવી દિલ્હીમાં પ્રથમ સાયબર વાર્તાલાપ યોજાયો હતો. જેમા બંને દેશોએ વધતા સાયબર જોખમો અને રાષ્ટ્રીય સાયબર વ્યૂહરચનાઓ પર ચર્ચા વિચારણા કરી હતી. બંને પક્ષોએ ક્ષમતા નિર્માણ પહેલ માટે માહિતી પ્રણાલીઓની સુરક્ષા અંગે પણ ચર્ચા કરી હતી.

ભારત અને ઇટલીએ ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્રમાં તાજેતરના વિકાસને ધ્યાનમાં રાખીને સાયબર ક્ષેત્રે સાથે મળીને કામ કરવા પર ચર્ચા કરી.

..........................................................................

## NOMINATION-BYE-ELECTION

વિવિધ રાજ્યોની 47 વિધાનસભા બેઠકો અને કેરળમાં વાયનાડ સંસદીય બેઠક માટે પેટાચૂંટણી માટે ગઈકાલે નામાંકન પ્રક્રિયા સમાપ્ત થઈ. ઉત્તર પ્રદેશની નવ, રાજસ્થાનની સાત, પશ્ચિમ બંગાળની છ, આસામની પાંચ બેઠકો, બિહાર અને પંજાબની ચાર-ચાર, કર્ણાટકની ત્રણ, કેરળ, મધ્યપ્રદેશની અને સિક્કિમની બે-બે બેઠકો માટે પેટાચૂંટણી યોજાશે.

આ ઉપરાંત, છત્તીસગઢ, ગુજરાત અને મેઘાલયમાં એક-એક સીટ માટે વિધાનસભાની પેટાચૂંટણી પણ યોજાશે. આ બેઠકો પર અને વાયનાડ સંસદીય મતવિસ્તારમાં પણ 13 તારીખે મતદાન થશે.

આ દરમ્યાન મહારાષ્ટ્રની નાંદેડ લોકસભા બેઠક અને ઉત્તરાખંડની કેદારનાથ વિધાનસભા સીટ પર 20મી નવેમ્બરે પેટાચૂંટણી યોજાશે. 23મી નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

..........................................................................

## JHARKHAND-PROMOTION CAMPAIGN

ઝારખંડ વિધાનસભા ચૂંટણી પ્રચારમાં, રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનએનડીએ અને ઈન્ડિયા એલાયન્સના નેતાઓ જાહેર સમર્થન - .મેળવવા માટે એકબીજા પર આરોપ પ્રત્યારોપ કરી રહ્યા છે

ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી સહપ્રભા-રી હિમંત બિસ્વા સરમાએ કહ્યું કે, NDAને સમર્થન વધી રહ્યું છે અને લોકોએ હેમંત સોરેન સરકારને હટાવવાનું મન બનાવી લીધું છેતેમણે કોંગ્રેસ પર ટિકિટ વેચવાનો પણ . .આરોપ લગાવ્યો હતો

આ દરમિયાન કોંગ્રેસના નેતા અને પૂર્વ મંત્રી ઈરફાન અંસારીએ ભાજપ પર પાર્ટી કાર્યકર્તાઓની અવગણના કરવાનો અને બહારના લોકોને ટિકિટ આપવાનો આરોપ લગાવ્યો છેતેમણે . વિશ્વાસ વ્યક્ત કર્યો કે, રાજ્યમાં ફરીથી ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનશે.

……………………………………………………………………

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABADને ફોલો કરી શકો છો.

……………………………………………………………………

## *RAILWAY-SPECAIL TRAIN*

દિવાળી અને છઠ પૂજા સહિતના આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને ઉત્તર રેલ્વે આજથી આવતા મહિનાની 7 તારીખ સુધી 195થી વધારાની વિશેષ ટ્રેનો દોડાવશે. આ ટ્રેનો મુખ્યત્વે નવી દિલ્હી અને આનંદ વિહાર રેલ્વે સ્ટેશનોથી દેશના પૂર્વીય વિસ્તારો માટે રવાના થશે.

આકાશવાણી સાથે વાત કરતા ઉત્તર રેલવેના જનરલ મેનેજર અશોક કુમાર વર્માએ જણાવ્યું હતું કે, મુસાફરો માટે આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે આ વર્ષે 1 લાખ 70 હજારથી વધુ વધારાની બેઠકો ઉપલબ્ધ થશે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો છે કે, આ વિશેષ ટ્રેનોમાં બિનઆરક્ષિત શ્રેણીના પ્રવાસીઓ માટે લગભગ 54 હજાર વધારાની બેઠકો ઉમેરવામાં આવી છે.

શ્રી વર્માએ કહ્યું કે નવી દિલ્હી રેલ્વે સ્ટેશનથી પૂર્વ તરફ જતી તમામ વિશેષ ટ્રેનો પ્લેટફોર્મ નંબર 16 પરથી ઉપડશે.

.....................................................................................

## SPECIAL TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા દિવાળીને તહેવારોને ધ્યાનમાં રાખી મુસાફરો માટે 278 વિશેષ ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વિશેષ ટ્રેનો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટથી દોડાવવામાં આવશે. પૂર્વ અને ઉત્તર ભારત તરફની ટ્રેનો વધુ પ્રમાણમાં દોડાવાઈ રહી હોવાની માહિતી પશ્ચિમ રેલવેના વરિષ્ઠ જનસંપર્ક અધિકારી પ્રદિપ શર્માએ આપી હતી.

.....................................................................................

## CRICKET-INDIA-NEW ZEALAND

ક્રિકેટમાં, ન્યુઝીલેન્ડ આજે સવારે પુણે ખાતે બીજી ટેસ્ટના ત્રીજા દિવસે ભારત સામે 5 વિકેટે 198 રનના ઓવરનાઈટ સ્કોરથી તેમનો બીજો દાવ ફરી શરૂ કરશે. ન્યૂઝીલેન્ડને અત્યાર સુધી 301 રનની લીડ

મળી છે. પ્રથમ ઇનિંગમાં, ન્યૂઝીલેન્ડ 259 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. આ મેચમાં વોશિંગ્ટન સુંદરે તેની પ્રથમ 5 વિકેટ જ્યારે રવિચંદ્રન અશ્વિને ત્રણ વિકેટ ઝડપી હતી. ગઈકાલે રમતના અંત સુધીમાં, ગ્લેન ફિલિપ્સ 9 રને અને ટોમ બ્લંડેલ 30 રને રમતમાં હતા. ગઈકાલે ભારતીય ટીમે પ્રથમ દાવમાં 156 રન બનાવ્યા હતા. ન્યુઝીલેન્ડ તરફથી મિશેલ સેન્ટનરે 7 વિકેટ ઝડપી હતી. ન્યૂઝીલેન્ડ ત્રણ ટેસ્ટ મેચની શ્રેણીમાં 1-0થી આગળ છે.

........................................................................

## ASIA CUP

ACC મેન્સ T-20 ઇમર્જિંગ ટીમ્સ એશિયા કપની ફાઇનલ આજે શ્રીલંકા અને અફઘાનિસ્તાનની A-ટીમ વચ્ચે રમાશેઅફઘાનિસ્તાને . ગઈકાલે ભારતને20 રને હરાવ્યું હતું અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરતા . 206 રન બનાવ્યા હતા.

........................................................................

## PHILIPPINES-TYPHOON

ફિલિપાઈન્સમાં તોફાન ટ્રામીથી મૃત્યુઆંક વધીને 81 થઈ ગયો છે, જ્યારે મોટા પ્રમાણમાં પૂર અને ભૂસ્ખલનને કારણે લગભગ 20 અન્ય લોકો હજુ પણ ગુમ છે. ટ્રામી, આ વર્ષે ફિલિપાઇન્સમાં ત્રાટકનાર 11મું વાવાઝોડું છે. આ વાવોઝોડાથી દક્ષિણ પૂર્વ એશિયાના દેશના ઓછામાં ઓછા 15 પ્રદેશોમાં 2.6 મિલિયનથી વધુ લોકોને અસર થઈ છે.

........................................................................

# CDSCO-DRUGS

કેન્દ્રીય દવા ધોરણ નિયંત્રણ સંસ્થાએ ચાર દવાઓના બેચને નકલી જાહેર કર્યા છે. સંગઠને લગભગ 3 હજાર સેમ્પલનું પરીક્ષણ કર્યા બાદ 49 દવાઓ પાછી ખેંચી લેવા જણાવ્યું છે. નમૂના લેવામાં આવેલી કુલ દવાઓમાંથી માત્ર 1.5 ટકા જ ઓછી અસરકારક હોવાનું જણાયું હતું.

ગઈકાલે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતાસ આ સંસ્થાના વડા રાજીવ સિંહ રઘુવંશીએ જણાવ્યું હતું કે, સીડીએસસીઓ દ્વારા સતર્ક કાર્યવાહી અને દવાઓની દેખરેખથી ઓછી અસરકારક દવાઓની ટકાવારીમાં ભારે ઘટાડો થયો છે.

.............................................................................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે મારા સહયોગી જયેશ વેગડા....

- મોટાભાગના અખબારોએ આજે અલગ અલગ સમાચારોને મુખ્ય મથાળામાં સ્થાન આપ્યું છે.
- સરહદેથી ભારત ચીનના સૈનિકોની-'ઘરવાપસી' શરૂ – આ નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે તો સંદેશે .LAC પર ભારત, ચીનના દળોની પીછેહઠ શરૂ આ સમાચારને મુખ્યશીર્ષક બનાવ્યું છે.
- ગુજરાત સમાચાર પહેલા પાના પર લખે છે, ભારત અને ચીને દેપસાંગ ડેમચોકથી સૈનિકોને પાછા બોલાવવાનું શરૂ-કર્યું.
- રાજસ્થાન પત્રિકા લખે છે, હટને લગી સેનાએ, દિવાલી તક શરૂ હોગી ગશ્ત .

- ઇઝરાયેલના સૈન્યનું ગ્રાઉન્ડ ઑપરેશન – લેબનૉનમાં દરેક ઘરમાંથી શસ્ત્રો મળ્યા – આ ગુજરાત સમાચારનું મુખ્યશીર્ષક છે.
- ફૂલછાબનું મુખ્યશીર્ષક છે, ઓરિસ્સા, બંગાળ ઉપરથી ઘાત ટળી.
- ટોરન્ટોમાં ટેસ્લા કાર અકસ્માતમાં ગોધરાના સગા ભાઈબહેન સહિત - ચારના મોત– આ સમાચાર ગુજરાત સમાચારે પહેલા પાના પર તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.
- નવગુજરાત સમય લખે છે, ભાજપના ચશ્માથી શહેરમાં પ્રાથમિક સુવિધાઓને લગતી ફરિયાદો દેખાતી જ નથીઃ કૉંગ્રેસનો કટાક્ષ .
- સોશિયલ મીડિયા પરથી થી વધુ ફ્લાઈટને બૉમ્બની ધમકી મળી તે 25 સમાચાર નવગુજરાત સમય, ફૂલછાબ, ગુજરાત સમાચારે પહેલા પાના પર લીધા છે.

.............................................

## *PM CONDOLENCE*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાણીતા ભૌતિકશાસ્ત્રી રોહિણી ગોડબોલેના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. શ્રી મોદીએ રોહિણી ગોડબોલેને એક અગ્રણી વૈજ્ઞાનિક અને સંશોધક તરીકે બિરદાવ્યા છે. શ્રી મોદીએ વધુમાં કહ્યું છે હતું કે, રોહિણી ગોડબોલેના શૈક્ષણિક પ્રયાસો આવનારી પેઢીઓને માર્ગદર્શન આપતા રહેશે.

..................................................................................